# ઉકળાટ

ક્યાંય આછોય વર્ષાનો ભાર નથી,
એ વાતનો સહુ દિલમાં ઉચાટ છે.

ઋતુનો ન જણાય ક્યાંય રે અણસાર,
ને ગગનમાં ન વાદળનો ગગડાટ છે!

કોના પાપે રે વરસે ન આજ વાદળી,
અનિલની લે’રીએ ખેંચાઈ જે જાય છે.

પશુ, પક્ષી ને ધરતીની   વેદના
જોઈનેય નવ એને કંઈ થાય છે !

વેદના વધારીનેય એ તો વરસી ગયો;
ઉકળાટ ઉરનો  ઉરમાં જ રહી ગયો !!

૦ ચીમન પટેલ ‘ચમન’
૧૧-૭-’૬૫

( ‘સૌરાષ્ટ્ર સમાચાર’ના તારીખ ૨૦/૭/૬૫ ના અંકમાં પ્રગટ)